નિયમો અને શરતો – એટીએમ ડેબિટ કાર્ડ

ડેબિટ કાર્ડ બેંક દ્વારા ગ્રાહકોને ફાળવવામાં આવતું એક ભૌતિક કે વર્ચ્યૂઅલ કાર્ડ છે જે બચત કે ચાલુ ખાતા સાથે લિંક્ડ હોય છે અને જેનો ઉપયોગ રોકડ ઉપાડવા માટે, ઓનલાઈન ચૂકવણી કરવા માટે, પીઓએસ ટર્મિનલ/ક્વીક રિસ્પોન્સ(ક્યૂઆર) કોડ લેવડદેવડ, ફંડ ટ્રાન્સફર અને બેંક દ્વારા સમયે-સમયે લાગૂ કરવામાં આવતી અન્ય લેવડદેવડ કરવા માટે ઉપયોગમાં લઈ શકાય છે.

1. **વ્યાખ્યા**
   આ વિભાગમાં કેપિટલમાં લખેલ પરંતુ અહીં વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો ખાતાને સામાન્ય રીતે લાગૂપાત્ર નિયમો અને શરતો અંતર્ગત તેમને આપેલ સમાન અર્થ ધરાવે છે. આ વિભાગમાં, સિવાય કે સંદર્ભ અનુસાર કંઈક અલગ આવશ્યકતા હોય:

   એ. "**એકાઉન્ટ ટ્રાન્ઝેક્શન્સ(ખાતાની લેવડદેવડ)**" નો અર્થ નિમ્નલિખિત કોઈએક અથવા તમામ લેવડદેવડ થાય છે જે એટીએમ/ડેબિટ કાર્ડના ઉપયોગથી ખાતામાં કરવામાં આવી હોય:

   i. એટીએમ/માઈક્રો એટીએમમાંથી રોકડાની ઉપાડ;
   ii. એટીએમ/માઈક્રો એટીએમમાંથી ખાતાની જાણકારી મેળવવી;
   iii. એટીએમ/માઈક્રો એટીએમના ઉપયોગથી એટીએમ પિન બદલવી;
   iv. ઉપકરણ દ્વારા કેશ/ચેક અથવા અન્ય નાણાંકીય ઉપકરણ જમા કરાવવું; અને ઈડીસી(ઓ) કે ઓનલાઈનના ઉપયોગથી ખાતામાં ઉપલબ્ધ ફંડને આધીન મર્ચન્ટના સ્થળે લેવડદેવડ.

   બી. "**ડિવાઈસ(ડિવાઈસીઝ)**" નો અર્થ નીચેના કોઈ અથવા તમામ ઉપકરણ એવો થાય છે:

   i. એટીએમ
   ii. માઈક્રો એટીએમ
   iii. પીઓએસ અને
   iv. કાર્ડ પરના ટ્રાન્ઝેક્શન(લેવડદેવડ)ને શક્ય બનાવવા માટે આરબીઆઈ અથવા કાર્ડ નેટવર્ક દ્વારા માન્ય અન્ય કોઈપણ ઉપકરણ.

   સી. "**પિન**" એટલે ગુપ્ત વ્યક્તિગત ઓળખ નંબર જે કાર્ડધારક દ્વારા સ્વયં સેટ કરવામાં આવે છે. ઉપકરણો દ્વારા કોઈપણ નાણાંકીય કે બિન-નાણાંકીય લેવડદેવડ શક્ય બનાવવા માટે આ પિન જરૂરી છે.

ડી. "કાર્ડ ધારક અથવા ધારક" નો અર્થ થશે ધારક, જે ગ્રાહક તરીકે અથવા ગ્રાહક દ્વારા આ માટે સંપૂર્ણપણે અધિકૃત હોય તેવી વ્યક્તિ તરીકે અને બેંક દ્વારા સ્વીકાર્ય હોય તે રીતે, નિશ્ચિત સમય માટે, એટીએમ/ડેબિટ કાર્ડ ધરાવતા હોય.

ઈ. "**ઈડીસી**" નો અર્થ છે બેંકનું અથવા કોઈપણ શેર કરેલ નેટવર્કનું કોઈપણ ઈલેક્ટ્રોનિક ડેટા કેપ્ચર ટર્મિનલ, જ્યાં અન્ય વસ્તુઓ ઉપરાંત, ગ્રાહક ખાતામાં રહેલ ફંડનો ઉપયોગ કરવા માટે એટીએમ/ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે.

એફ. "**મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ**" નો અર્થ થાય છે એવા સંસ્થાપનો જે બેંક દ્વારા ફાળવવામાં આવેલ એટીએમ/ડેબિટ કાર્ડને માન્ય રાખે છે અને જેમાં અન્ય ઉપરાંત, સ્ટોર, દુકાનો, રેસ્ટોરન્ટ, હૉટેલ, એરલાઈન સંસ્થાઓ અને મેઈલ ઑર્ડર એડવર્ટાઈઝર્સ (છૂટક વેપારીઓ, ડિસ્ટ્રીબ્યૂટર અથવા ઉત્પાદનકર્તા), ઈ-કોમર્ સાઈટ્સનો સમાવેશ થઈ શકે છે.

જી. "**પીઓએસ**" નો અર્થ છે ભારતમાં કે વિદેશમાં, બેંકનું અથવા શેર્ડ ટર્મિનલનું, પોઈન્ટ ઑફ સેલ ટર્મિનલ જ્યાં, અન્ય વસ્તુઓ ઉપરાંત, ગ્રાહક ખાતામાં રહેલ ફંડનો ઉપયોગ કરવા માટે એટીએમ/ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે.

એચ "**ઓનલાઈન**" નો અર્થ છે મર્ચન્ટ વેબસાઈટ કે એપ્લિકેશન પર કરવામાં આવેલ લેવડદેવડ. આવી લેવડદેવડ કાર્ડ નોટ પ્રેઝન્ટ લેવડદેવડ તરીકે પણ ઓળખાય છે.

આઈ. "**સંપર્ક આધારીત લેવડદેવડ**" એ લેવડદેવડનો એવો પ્રકાર છે જે પીઓએસ ટર્મિનલ ખાતે ડીપ અથવા ડેબિટ કાર્ડ દાખલ કરીને કરવામાં આવે છે

જે. "**સંપર્કરહિત લેવડદેવડ**" એ લેવડદેવડનો એ પ્રકાર છે જે પીઓએસ ટર્મિનલ પર ફક્ત ડેબિટ કાર્ડને હળવેથી અડીને કરવામાં આવે છે.

2. **વપરાશ માટેના સામાન્ય નિયમો અને શરતો:**

એ. કાર્ડધારક દ્વારા મંજૂર કરવામાં આવે છે કે તેની/તેણી વિનંતી પર બેંક દ્વારા કાર્ડ ફાળવવામાં આવ્યું છે અને આ નિયમો અને શરતો અને ખાતાને લાગૂપાત્ર તમામ નિયમો અને શરતોને આધીન, બેંક તેની મુનસફી અનુસાર દરેક ધારકને એટીએમ/ડેબિટ કાર્ડ ફાળવશે. એટીએમ/ડેબિટ કાર્ડ ટ્રાન્સફર થઈ શકશે નહીં. ધારક કોઈપણ ઉપકરણ પર ખાતાસંબંધી લેવડદેવડ કરવા માટે એટીએમ/ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત, ખાતાધારક દ્વારા મંજૂર કરવામાં આવે છે કે, તેઓ/તેણી કોઈ ત્રીજી વ્યક્તિને કાર્ડ આપશે નહીં અને કાર્ડ તેમની જ પાસે રહેશે.

બી. કાર્ડધારક દ્વારા મંજૂર કરવામાં આવે છે કે કાર્ડની ખાસિયતો, લાભ અને ચાર્જ વિશે ખાતું ખોલતી વખતે અથવા કાર્ડની સેવા મેળવતી વખતે તેમને/તેણીને વિગતવાર માહિતી આપવામાં આવી છે.

સી. ખાતાધારક દ્વારા મંજૂર કરવામાં આવે છે કે ડેબિટ કાર્ડ મેળવવા માટે ગ્રાહક દ્વારા આપવામાં આવેલ જાણકારી સાચી છે અને કોઈપણ ફેરફારના કિસ્સામાં બેંકને સૂચિત કરવામાં આવશે.

ડી. ખાતાધારક સમજે છે અને મંજૂર કરે છે કે કોઈપણ આર્થિક નુકસાન ટાળવા માટે કાર્ડ ગુમ થઈ જાય તે કિસ્સામાં તેમના દ્વારા તાત્કાલિક બેંકને જાણ કરવામાં આવશે.

ઈ. ખાતાધારક દ્વારા મંજૂર કરવામાં આવે છે કે તેઓ કાર્ડને સુરક્ષિત માલિકી હેઠળ રાખશે અને ઓનલાઈન લેવડદેવડ માટે કાર્ડ ટોકનાઈઝેશન, જરૂરી ન હોય તેવી લેવડદેવડ માટે સ્વીચ ઑફ, પસંદગીની મર્યાદા સેટ કરવી અને નિયમિત લેવડદેવડ માટે કાર્ડને સક્રિય રાખવા જેવા બેંક દ્વારા આપવામાં આવેલ વિકલ્પોનો ઉપયોગ કાર્ડને સુરક્ષિત રાખવા માટે કરશે.

એફ. ખાતાધારક સમજે છે કે બેંક દ્વારા ફિઝીકલ પિન મોકલવામાં આવતી નથી અને પિન રચવાની પ્રક્રિયા મોબાઈલ બેંકિંગ અથવા ઈન્ટરનેટ બેંકિંગ અથવા બેંકર ઑન કૉલ(બીઓસી) દ્વારા ઓનલાઈન કરવામાં આવે છે. આ ઉપરાંત, કાર્ડધારકની કોઈ નિયત વિનંતી પર જ બેંક દ્વારા ફિઝીકલ પિન મોકલવામાં આવશે અને આવા કિસ્સાઓમાં કાર્ડધારક દ્વારા ફિઝીકલ પિન દ્વારા કાર્ડને સક્રિય કર્યા બાદ તુરંત તેના/તેણીના દ્વારા પિન શેર કરવાનું મંજૂર કરવામાં આવે છે.

જી. ખાતાધારક સમજે છે કે જો તેઓ/તેણી ડેબિટ કાર્ડ પસંદ કરે તો, તેઓ ફિઝીકલ કાર્ડની જરૂર હોય તેવા એટીએમ અથવા પીઓએસ લેવડદેવડ કરી શકશે નહીં.

એચ. ખાતાધારક સમજે છે કે વૃદ્ધિત સુરક્ષા પૂરી પાડવા માટે, તેમનું કાર્ડ નિષ્ક્રીય રૂપે મોકલવામાં આવે છે અને સક્રિય કર્યા બાદ, ફક્ત સ્થાનિય એટીએમ અને સ્થાનિય પીઓએસ લેવડદેવડ માટે જ કામ કરી શકે છે. ખાતાધારકે આંતરરાષ્ટ્રીય એટીએમ, આંતરરાષ્ટ્રીય પીઓએસ અને સંપર્કરહિત લેવડદેવડ કરવા માટે ઈનેબલ કરીને તેમની પસંદગીની મર્યાદા સ્થાપિત કરવી પડશે.

આઈ. ખાતાધારક સમજે છે કે ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને કરવામાં આવેલ લેવડદેવડ ટેક્સ કલેક્શન એટ સોર્સ(ટીસીએસ)ને અને સમયે સમયે ભારત સરકાર દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ લાગૂપાત્ર દરને આધીન છે. આ ઉપરાંત કાર્ડધારક સમજે છે અને મંજૂર કરે છે કે બેંક દ્વારા ભારત સરકારને ચૂકવેલ ટીસીએસના સંદર્ભમાં કોઈપણ રીકવરીના કિસ્સામાં, કાર્ડધારક તેમના ખાતાઓમાં આવશ્યક ફંડ રાખશે. નોન-રીકવરીના કિસ્સામાં, બેંક દ્વારા કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી શકે છે.

જે. કાર્ડધારક દ્વારા કોઈપણ બદલાવના કિસ્સામાં કાર્ડ સાથે લિંક કરેલ ખાતામાં તેમની/તેણીની સંપર્ક વિગતો અપડેટ કરવાનું મંજૂર કરવામાં આવે છે. મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી, પત્રવ્યવહારનું સરનામું વગેરે જાણકારી તમામ સમયે અપડેટ કરવામાં આવશે.

કે. ખાતાધારક દ્વારા મંજૂર કરવામાં આવે છે કે સંપર્કરહિત કે સંપર્કયુક્ત, ઈડીસી અથવા ઓનલાઈન સહિત એટીએમ, પીઓએસ પર કરવામાં આવેલ લેવડદેવડ બાદ જો તેમને

મોબાઈલ પર લેવડદેવડ સંબંધિત મેસેજ ન મળે તો તેમના/તેણીના દ્વારા બેંકને જાણ કરવામાં આવશે.

એલ. ડેબિટ કાર્ડનો વાણિજ્યિક ઉપયોગ માન્ય નથી અને આવી લેવડદેવડ માટે ગ્રાહકોને આપવામાં આવેલ કોઈપણ રિવૉર્ડ પોઈન્ટ/કેશબેક પરત લેવાનો/સ્થગિત રાખવાનો અધિકાર બેંક ધરાવે છે.

એમ. બેંક દ્વારા ખાતાના સ્તરે અપડેટ થયેલ નોમિનીને જ આઈડીએફસી ફર્સ્ટ બેંક ડેબિટ કાર્ડ પર ઈન્શ્યોરન્સ લાભ માટે નોમિની ગણામાં આવશે અને આજ જાણકારી આરબીઆઈ માસ્ટર ડિરેક્શન – ક્રેડિટ કાર્ડ એન્ડ ડેબિટ કાર્ડ – ઈશ્યૂઅન્સ એન્ડ કન્ડક્ટ ડાઈરેક્શન્સ, 2022ને સુસંગત અમારા ઈન્શ્યોરન્સ ભાગીદારો સાથે જ વહેંચવામાં આવશે. નોમિની અપડેશન એટલે કે પહેલીવારનું અપડેટ અને/અથવા નોમિનીમાં બદલાવ અમારા મોબાઈલ બેંકિંગ/નેટ બેંકિંગ દ્વારા ઉપલબ્ધ છે અને આવા અપડેટ માટે તમે અમારી બેંકની શાખાની પણ મુલાકાત લઈ શકો છો.

એન. ઈન્કમટેક્સ સત્તાઓની માર્ગદર્શિકાઓ અનુસાર, આંતરરાષ્ટ્રીય લેવડદેવડ કરવા માટે પાન નંબર(બિનનિવાસી ગ્રાહક સિવાય)ની ઉપલબ્ધિ ફરજીયાત છે. આ ઉપરાંત, 1 જૂલાઈ, 2023થી અમલમાં હોય તેમ, જો તમારો પાન નંબર તમારા આધાર સાથે લિંક ન હોય તો (જે તે બાકાતી શ્રેણીમાં આવતો હોય તે સિવાય)* તે નિષ્ક્રીય થઈ જશે, અને આવા કિસ્સામાં તમે આંતરરાષ્ટ્રીય લેવડદેવડ કરી શકશો નહીં. વધુ જાણકારી માટે, **અહીં ક્લીક કરો.**

ઓ. આ ઉપરાંત, જો પાન નંબર નિષ્ક્રીય હોય તો, ગ્રાહકો પાન નંબર અને આધાર નંબર લિંક ન થાય ત્યાં સુધી મોબાઈલ બેંકિંગ/નેટ બેંકિંગથી આંતરરાષ્ટ્રીય લેવડદેવડ ફ્લેગ (એટીએમ, પીઓએસ, ઈ-કોમ ખાતે) સક્રિય કરી શકશે નહીં અને તે તેમની બેંકિંગ પ્રણાલીમાં પ્રદર્શિત થશે.

પી. પિન સુરક્ષિત રાખવું:

1. પિનની સુરક્ષા સર્વોચ્ચ મહત્વપૂર્ણ છે અને ધારકે તેને ગોપનીય રાખવી અને ત્રીજી વ્યક્તિ સમક્ષ તેને છતી ન કરવી જરૂરી છે. એવી ભલામણ કરવામાં આવે છે કે ધારક પિનને યાદ રાખે અને કાર્ડની પાછળ તે લખે નહીં. ધારકે એ પણ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે દાખલ થનાર પિન કોઈ જોઈ ન શકે તે રીતે ઉપકરણને ઢાંકવામાં આવ્યું છે. આ ઉપરાંત, ધારકે ખાતરી કરવી પડશે કે તેઓ/તેણીઃ

    એ. કોઈપણ વ્યક્તિ સમક્ષ, કોઈપણ પરિસ્થિતિમાં પિન પ્રકટ નથી કરી રહ્યા અને કોઈપણ વ્યક્તિને કોઈપણ ઉપકરણમાં દાખલ થતો પિન જોતા રોકશે અને કોઈપણ વ્યક્તિ દ્વારા તેની ખોજ રોકવા માટે શક્ય તમામ કાળજી લેશે;

    બી. એટીએમ/ડેબિટ કાર્ડ પર પિન લખશે નહીં કે દર્શાવશે નહીં અથવા કોઈપણ રીતે પિનનો રેકોર્ડ રાખશે નહીં;

IDFC FIRST Bank
ALWAYS YOU FIRST

સી. કોઈપણ રીતે પિનનો ભૌતિક ઉલ્લેખ રાખશે નહીં કે જેથી કોઈ વ્યક્તિ તેને જોઈ શકે;

ડી. પિન જેમાં સુપરત કરવામાં આવ્યો છે તે કવર/પત્ર/પરબિડીયા પર દર્શાવેલ તમામ સાવચેતીનું ધ્યાન રાખશે.

ઈ. કાર્ડ ડેટા સુરક્ષા માટે મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ અથવા ઈડીસી ખાતે લેવડદેવડ કાર્ડધારકની હાજરીમાં થઈ રહી છે તે સુનિશ્ચિત કરશે.

૨. એટીએમ/ડેબિટ કાર્ડના દુરુપયોગ દ્વારા અને/અથવા કાર્ડ કોઈ ત્રીજા પક્ષના હાથ આવી જાય અને/અથવા કોઈ ત્રીજા પક્ષની જાણમાં આવી જાય તો પિનના છેતરામણાં/અનધિકૃત ઉપયોગના કિસ્સામાં ગ્રાહક કે ધારક બેંકને જવાબદાર ગણી શકશે નહીં. એટીએમ/ડેબિટ કાર્ડ અને/અથવા પિનના આવા દુરુપયોગ અને/અથવા છેતરામણાં/અનધિકૃત વપરાશને કારણે બેંકને થયેલ/ભોગવવા પડેલ ખર્ચ સહિત કોઈપણ નુકસાન, ક્ષતિ, ખર્ચ, ચાર્જ અને કિંમત માટે ગ્રાહક સંપૂર્ણપણે જવાબદાર રહેશે. જો ધારક આ સુરક્ષા આવશ્યકતાઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય અને પિનના પ્રકટીકરણને શક્ય બનાવે તો, તેના કારણે ઉભી થતી કોઈપણ પરિસ્થિતિ માટે તે/તેણી જવાબદાર ગણાશે.

૩. **એટીએમ/ડેબિટ કાર્ડનું કેન્સલેશન(રદીકરણ):** કોઈપણ કારણોસર ખાતું કાયમીરૂપે બંધ થઈ જાય અથવા હંગામી ધોરણે બિન-કાર્યકારી બને અથવા ખાતાની સેવાઓ કાયમી રીતે કે કામચલાઉ રીતે પાછી ખેંચવામાં આવે તો એટીએમ/ડેબિટ કાર્ડનો ઉપયોગ આપમેળે રદ ગણાશે. એટીએમ/ડેબિટ કાર્ડના ઉપયોગને પોતાની મુનસફી અનુસાર રદ કરવાના, મોકૂફ રાખવાના કે બંધ કરવાના બેંક અધિકાર સામે પક્ષપાત વગર, ગ્રાહક મોબાઈલ બેંકિંગ અથવા નેટ બેંકિંગ દ્વારા અથવા શાખા કે બેંકરને કૉલ દ્વારા એટીએમ/ડેબિટ કાર્ડને બ્લોક કરીને સ્વૈચ્છિક રીતે એટીએમ/ડેબિટ કાર્ડ બંધ કરવા માટે બેંકને વિનંતી કરી શકે છે. ધારક દ્વારા સલાહ/સૂચના મળવા પર, બેંક દ્વારા એટીએમ/ડેબિટ કાર્ડ અને પિન તાત્કાલિક રીતે રદ કરવામાં આવશે અને તે માટેનું એકનોલેજમેન્ટ ગ્રાહકને આપવામાં આવશે. કાર્ડને કેન્સલ કરવાની કે બ્લોક કરવાની સૂચના ન મળે તો કાર્ડધારક દ્વારા બેંકને જાણ કરવાની સ્વીકૃતિ આપવામાં આવે છે. કેન્સલેશન બાદ, એટીએમ/ડેબિટ કાર્ડ અને પિન મળી જાય તો પણ ફરીથી ઉપયોગમાં લેવામાં આવશે નહીં.

4. ગુમ થયેલ કે ચોરાયેલ એટીએમ/ડેબિટ કાર્ડ અથવા પ્રકટ થયેલ પિનઃ એટીએમ/ડેબિટ કાર્ડનો દુરુપયોગ, થયો છે, ખોવાયું છે કે ચોરાયું છે અથવા

પિન વિશે કોઈને જાણ થઈ ગઈ છે કે થઈ શકે છે તે સમજવાનું ધારકને જેવું કોઈ કારણ મળે કે તરત ધારક દ્વારા બેંકને જાણ કરવામાં આવશે. સમયે સમયે બેંકની વેબસાઈટ પર પ્રકાશિત થતા નિયમો અને શરતોને આધારે "લોસ્ટ કાર્ડ લાયેબિલીટી" કવર માટે ધારક માન્ય હોય તે સિવાય ધારક દ્વારા કાર્ડ ગુમાવેલ/ચોરાયેલ નોંધાવવામાં આવ્યા પહેલાં કાર્ડના દુરુપયોગ દ્વારા થયેલ કોઈપણ નુકસાન માટે બેંક જવાબદાર ગણાશે નહીં. ધારક અથવા ગ્રાહક તરફથી સલાહ/સૂચના મળ્યા બાદ, બેંક દ્વારા એટીએમ/ડેબિટ કાર્ડ બ્લોક કરવામાં આવશે અને ઈ-મેઈલ અથવા એસએમએસ દ્વારા સ્વીકૃતિ જારી કરવામાં આવશે. એટીએમ/ડેબિટ કાર્ડ બ્લોક કર્યા બાદ, પછીથી મળી ગયા બાદ પણ એટીએમ/ડેબિટ કાર્ડને ઉપયોગમાં લઈ શકાશે નહીં. એટીએમ/ડેબિટ કાર્ડના દુરુપયોગ, નુકસાન કે ચોરીના કિસ્સામાં અથવા કોઈપણ વ્યક્તિ સમક્ષ પિનના પ્રકટીકરણ/ને એટીએમ/ડેબિટ કાર્ડના ઉપયોગ અને/અથવા કોઈ વ્યક્તિ દ્વારા પિનના ઉપયોગના કિસ્સામાં, ગ્રાહક/ધારણે તાત્કાલિક બેંકને જાણ કરવાની રહેશે અને એફઆઈઆર નોંધાવીને તેની નકલ બેંકને મોકલવાની રહેશે. ગ્રાહક દ્વારા બેંકને એટીએમ/ડેબિટ કાર્ડ/પિન ગુમ થયાનું બેંકને જાણ કર્યા સુધી કથિત એટીએમ/ડેબિટ કાર્ડ/પિન પર થયેલ તમામ ચાર્જ માટે ગ્રાહક જવાબદાર રહેશે અને આવી જાણ કર્યાના પરિણામસ્વરૂપે તેનો વપરાશ સ્થગિત કરવામાં આવશે. બેંક દ્વારા ગ્રાહક/ધારકને નોટિસ જણાવ્યા કે ફાળવ્યા વગર, એટીએમ/ડેબિટ કાર્ડ/પિનના નુકસાન અથવા ચોરી વિશે કોઈ જાણકારી પોલિસને અથવા સંબંધિત સત્તાઓને આપી શકે છે. આ ઉપરાંત, એટીએમ/ડેબિટ કાર્ડના દુરુપયોગ, ગુમ કે ચોરી વિશે અથવા કોઈ ત્રીજા પક્ષ દ્વારા પિનના પ્રકટીકરણ/પિનના ઉપયોગની લેખિત મંજૂરીની નકલ પોલિસ અહેવાલની નકલ સાથે બેંકને જમા કરવાની રહેશે. કોઈપણ સ્થિતિમાં અને/અથવા કોઈપણ સમયે એટીએમ/ડેબિટ કાર્ડ અને/અથવા પિનના દુરુપયોગ માટે બેંક જવાબદાર ગણાશે નહીં. ગ્રાહક દ્વારા કરવામાં આવેલ અરજી બાદ, બેંક દ્વારા ત્યારબાદ ફાળવવામાં આવેલ બદલીના એટીએમ/ડેબિટ કાર્ડ અને પિન આ નિયમો અને શરતો દ્વારા સંચાલિત થશે.

5. એટીએમ/ડેબિટ કાર્ડનો ઉપયોગ અને દુરુપયોગ માટેની જવાબદારી:

એ. તમામ ધારક(ધારકો) અને ગ્રાહક, સંયુક્ત રીતે અને વ્યક્તિગત રીતે, સ્વીકૃતિ અને મંજૂરી આપે છે કે, ગ્રાહકની વિનંતી અને જોખમે, બેંક દ્વારા ધારક(ધારકો)ને એટીએમ/ડેબિટ કાર્ડના ઉપયોગથી ખાતાની લેવડદેવડ કરવાની સુવિધા આપવાનું મંજૂર કરવામાં આવ્યું છે. તેમ

IDFC FIRST Bank
ALWAYS YOU FIRST

છતાં, એટીએમ/ડેબિટ કાર્ડનો ઉપયોગ ખાતામાં યોગ્ય ક્રેડિટ બેલેન્સના ધારણને આધીન છે.

બી. એટીએમ/ડેબિટ કાર્ડ દ્વારા રોકડ ઉપાડની સુવિધા બેંક દ્વારા શ્રેષ્ઠ પ્રયત્નોના ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને ગ્રાહક મંજૂર કરે છે કે એટીએમમાં ક્ષતિના કારણે અથવા એટીએમ ખાતે અપૂરતા રોકડ બેલેન્સને કારણે અથવા એટીએમ સાઈટ બંધ થવાને કારણે અથવા અન્ય કોઈ કારણોસર એટીએમ ખાતેથી ગ્રાહકની રોકડ ના ઉપાડી શકવાની ક્ષમતાના કિસ્સામાં ગ્રાહક દ્વારા બેંકને જવાબદાર ગણવામાં આવશે નહીં.

સી.ગ્રાહક આ સાથે કાયમીરૂપે બેંકને કોઈપણ અથવા તમામ ખાતા લેવડદેવડ પ્રોસેસ કરવાની અધિકૃતતા આપવામાં આવે છે ભલે તે ધારક દ્વારા બોના ફાઈડ(વાસ્તવિક) કે અન્ય રીતે અથવા ખાતાના કોઈ સંયુક્ત ધારક દ્વારા કે અન્ય કોઈ પક્ષ દ્વારા કરવામાં આવ્યું હોય. એટીએમ/ડેબિટ કાર્ડ પ્રાપ્ત કરતી વખતે/તેનો ઉપયોગ કરતી વખતે ગ્રાહક તમામ લાગૂપાત્ર કાયદાઓનું પાલન કરવાની બાંયધરી આપે છે.

ડી. ગ્રાહકની જાણમાં કે જાણ બહાર કોઈપણ ઉપકરણ પર એટીએમ/ડેબિટ કાર્ડ દ્વારા કરવામાં આવેલ ખાતા લેવડદેવડની સંપૂર્ણ જવાબદારી તમામ પરિસ્થિતિમાં ગ્રાહક સ્વીકારે છે. એટીએમ/ડેબિટ કાર્ડના ઉપયોગ દ્વારા/તેના સંબંધમાં આપેલ કોઈપણ સૂચના કાયમી રહેશે. ગ્રાહક આ સાથે એટીએમ/ડેબિટ કાર્ડના ઉપયોગ દ્વારા કોઈ ઉપાડ દ્વારા કે ટ્રાન્સફર દ્વારા તે રકમ ખાતામાંથી ડેબિટ કરવાની કે બેંકના લેવડદેવડના રેકોર્ડ સાથે સુસંગત કોઈપણ પ્રાપ્ત થઈ શકે તેવી કોઈપણ સૂચનાનું પાલન કરવાની બેંકને અધિકૃતતા આપે છે, જેને ગ્રાહક દ્વારા અંતિમ અને નિર્ણાયક તરીકે સ્વીકારવાનું મંજૂર કરવામાં આવે છે.

ઈ. વૈશ્વિક અને સ્થાનિય છેતરપિંડી અને દુરુપયોગના કિસ્સાઓના આધારે ગ્રાહક કાર્ડ અને ખાતાની સુરક્ષે સુનિશ્ચિત કરવા માટે બેંક દ્વારા સંબંધિત નિયંત્રણો લાદવામાં આવશે.

એફ. બેંક દ્વારા તમામ ચેનલ પર આંતરરાષ્ટ્રીય ડેબિટ કાર્ડ લેવડદેવડ નિયંત્રિત કરવામાં આવશે(એટીએમ, પીઓએસ, અને ઓનલાઈન સહિત) જો તે અતિ જોખમી તરીકે

ઓળખાતા ન્યાયક્ષેત્રમાંથી ઉદભવતું હોય. અતિ-જોખમી દેશોનો નિર્ણય એફએટીએફ દ્વારા અથવા સંબંધિત નિયમનકારી સત્તાઓ ફાળવવામાં આવેલ માર્ગદર્શન અને આદેશોના આધારે કરવામાં આવશે. આવા દેશોમાં લેવડદેવડ કરતી વખતે ગ્રાહકોએ સાવચેતી જાળવવી જોઈએ.

જી. ગ્રાહક દ્વારા સમજવામાં આવે છે, સ્વીકૃત કરવામાં આવે છે અને બાંયધરી આપવામાં આવે છે કે:

i. એટીએમ/ડેબિટ કાર્ડ સાથેની ખાતા લેવડદેવડ પર અને તેના સંબંધમાં ગ્રાહક બેંકને જવાબદાર ગણશે નહીં.

ii. બેંક તેની સંપૂર્ણ મુનસફી અનુસાર, કોઈપણ કારણ આપ્યા વગર, એટીએમ/ડેબિટ કાર્ડ અને/અથવા તેને સંબંધિત સેવાઓના ઉપયોગની સુવિધાઓને પાછી ખેંચવાનો, બંધ કરવાનો, સ્થગિત કરવાનો કે રદ કરવાનો અધિકાર ધરાવે છે અને આવા પગલાંને કારણે કોઈપણ રીતે ગ્રાહકને થયેલ અથવા ગ્રાહક દ્વારા દાવો કરેલ કોઈ નુકસાન કે ક્ષતિ માટે જવાબદાર રહેશે નહીં. બેંકના મત અનુસાર, જો જરૂર લાગે તો, કેટલાંક પગલાં તાત્કાલિક અને પૂર્વ સૂચના વગર હોઈ શકે છે.

iii. એટીએમ/ડેબિટ કાર્ડ પર થયેલ ખાતા લેવડદેવડના ઉપયોગ, કે તેના પ્રકાર પર નજર રાખવાની બેંકની અસક્ષમતા સામે પક્ષપાત વગર, બેંક, તેની સંપૂર્ણ મુનસફી અનુસાર, કોઈપણ અનુગ્રહ, ભારણ કે આ સંબંધમાં વગર જવાબદારી વગર, જ્યાં બેંકને લાગે કે સૂચના સાચી નથી અથવા શંકા ઉપજાવે તેવી છે અથવા અયોગ્ય છે અને કોઈપણ કારણસર અમલમાં મૂકાય તેવી નથી ત્યાં બેંક આવી સૂચના પર અમલ ન કરવાનું નક્કી કરી શકે છે.

iv. બેંક, તેની સંપૂર્ણ મુનસફી અનુસાર, બેંકના સ્થળ/મશીન/ઉપકરણ ખાતે અને/અથવા શેર્ડ નેટવર્ક ખાતે ગ્રાહક દ્વારા બેંકની સુવિધાના

એક્સેસ/ઉપસ્થિતિ/ઉપયોગને વીડિયો ટેપ કે રેકોર્ડ કરી શકે છે અને ગ્રાહક સમજે છે અને સ્વીકારે છે કે કોઈપણ કાર્યવાહીમાં પુરાવા તરીકે બેંક આવા ક્લીપિંગના ફૂટેજ પર આધાર રાખી શકે છે.

v. ગ્રાહક દ્વારા શરૂ કરવામાં આવેલ ખાતા લેવડદેવડ ફક્ત ત્યારે જ પૂરી થશે જ્યારે લાગૂપાત્ર ચાર્જ/ફી વગેરે સહિત સંપૂર્ણપણે લેવડદેવડની રકમની પૂર્તિ કરવા માટે ફંડ સ્પષ્ટ અને પર્યાપ્ત હોય. પ્રત્યેક પૂરી થયેલ લેવડદેવડની રકમ ખાતામાંથી તાત્કાલિક ડેબિટ કરવામાં આવશે.

vi. જો ગ્રાહક દ્વારા આપવામાં આવેલ કોઈપણ સૂચના બેંક દ્વારા એકથી વધુ રીતે અમલમાં મૂકવાનું શક્ય હોય તો, બેંક તેની મુનસફી અનુસાર, આ પ્રકારોમાંથી કોઈપણ એક પ્રકાર દ્વારા તેને અમલમાં મૂકી શકે છે.

vii. કોઈપણ ઈલેક્ટ્રોનિક અથવા સિસ્ટમ અથવા સિસ્ટમ સંબંધી નિષ્ફળતા, અવરોધ, કુદરતી આફત અથવા બેંકના નિયંત્રણ બહારની અન્ય પરિસ્થિતિઓના કારણો સહિત પરંતુ ત્યાં સુધી મર્યાદિત ન હોય તેવા કોઈપણ કારણ માટે એટીએમ/ડેબિટ કાર્ડ સુવિધા પૂરી પાડવાની કોઈપણ નિષ્ફળતા માટે બેંક જવાબદાર ગણાશે નહીં.

viii. અન્ય કોઈપણ વ્યક્તિને ખાતા પર લેવડદેવડ માટે મંજૂરી ન આપવા માટે એટીએમ/ડેબિટ કાર્ડ દ્વારા શરૂ કરવામાં આવેલ તમામ ખાતા લેવડદેવડ યોગ્ય રીતે સમાપ્ત કરવામાં આવી છે તેની ખાતરી ધારકે કરવાની રહેશે;

ix. જો એટીએમ/ડેબિટ કાર્ડ અને/અથવા પિન છેતરામણી રીતે વપરાયું છે અથવા તેનો દુરુપયોગ થયો છે/થવાની સંભાવના છે તો ધારક(ધારકો) અને ગ્રાહક સંયુક્ત રીતે અને વ્યક્તિગત રીતે, નિયમો અને શરતોમાં નિર્ધારીત રીતે, બેંકને જાણ કરવા માટે જવાબદાર છે.

x. ગ્રાહક ખાસરૂપે મંજૂર કરે છે, સ્વીકારે છે અને સમજે છે કે કોઈપણ પ્રકારની કોઈપણ ઑફર(યોજના, ઉપહાર,

ડિસ્કાઉન્ટ, વગેરે)તે નિયત ઑફરના નિયમો અને શરતોને આધીન છે

xi. ગ્રાહક વધુ સ્વીકારે છે અને મંજૂર કરે છે કે બેંક કોઈપણ રીતે ઑફર અંતર્ગત ઉત્પાદનો/સેવાઓના ઉપયોગ કે બિન-ઉપયોગ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગ્રાહક/ધારકને થયેલ કોઈપણ નુકસાન, ક્ષતિ કે ઈજા માટે જવાબદાર ગણાશે નહીં. પૂર્વોક્ત સામે કોઈ પક્ષપાત વગર, કોઈપણ પૂર્વ સૂચના વગર ઑફર બેંક દ્વારા રદ કરવામાં/પાછી ખેંચવામાં/સુધારવામાં આવી શકે છે. મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા સૂચિત કરવામાં આવેલ અથવા ત્યારબાદ બેંક દ્વારા બદલવામાં આવેલ, જે પણ હોય તે, ઑફર સમાપ્તિ તારીખ બાદ ઑફર ચાલુ રાખવા માટે બેંક જવાબદાર ગણાશે નહીં. આ ઉપરાંત, ઑફર દરમ્યાન કોઈપણ સમયે, કોઈપણ પૂર્વ સૂચના આપ્યા વગર, ઑફરના નિયમો અને શરતોમાં ઉમેરો કરવાનો/બદલવાનો/ફેરફાર કરવાનો/સુધારવાનો કે સંપૂર્ણ રીતે અથવા હિસ્સામાં ઑફરને અન્ય ઑફર સાથે ફેરબદલ કરવાનો અધિકાર ધરાવે છે.

xii. તમામ સફળ એટીએમ/ડેબિટ કાર્ડ લેવડદેવડ માટે, રકમને ધ્યાનમાં રાખ્યા વગર, બેંક સાથે નોંધાયેલ ગ્રાહક/ધારકના મોબાઈલ નંબર પર એલર્ટ મોકલવામાં આવશે. કોઈપણ અસફળ/નામંજૂર લેવડદેવડ માટે કોઈ એલર્ટ મોકલવામાં આવશે નહીં.

6. **ઉપયોગની સીમિતતા**

દિવસદીઠ ખાતા લેવડદેવડની લઘુતમ અને/અથવા મહત્તમ સરેરાશ રકમને મર્યાદિત કરવાનો બેંક અધિકાર ધરાવે છે અને આવી મર્યાદા આગળ ખાતામાં સ્પષ્ટ ફંડની ઉપલબ્ધિને આધીન છે. ગ્રાહક સ્વીકારે છે અને સમજે છે કે દૈનિક લઘુતમ અને/અથવા મહત્તમ લેવડદેવડ મર્યાદા તમામ ઉપકરણોને(ભારતની અંદર અને ભારત બહાર) લાગૂ પડે છે અને અલગ અલગ શેર્ડ નેટવર્કને આધારીત વિવિધ ઉપકરણો વચ્ચે બદલાઈ શકે છે. બેંક દ્વારા સ્થાપિત સમગ્રતયા મહત્તમ મર્યાદા માટે ગ્રાહક તેની/તેણીની મર્યાદા સ્થાપિત કરવાની પણ મંજૂરી ધરાવે છે. અલગ અલગ એટીએમ/માઈક્રો એટીએમ/નેટવર્ક દ્વારા લેવડદેવડની આ મર્યાદાઓમાં એકરૂપતાના અભાવને કારણે ગ્રાહકને થયેલ કોઈપણ નુકસાન અને અસુવિધા માટે બેંક જવાબદાર ગણાશે નહીં.

7. **રિવૉર્ડ યોજના**

એટીએમ/ડેબિટ કાર્ડના ઉપયોગ પર બેંક દ્વારા ગ્રાહકને વિવિધ રિવૉર્ડ યોજનાઓ આપવામાં આવી શકે છે. ગ્રાહક સમજે છે અને સ્વીકારે છે કે બેંક દ્વારા તેની સંપૂર્ણ

મુનસફી નક્કી કર્યા અનુસાર નિયત નિયમો અને શરતો આવી રિવૉર્ડ યોજનાઓના લાગૂ પડશે અને ગ્રાહકને જાણ કરવામાં આવી શકે છે. એટીએમ/ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને ગ્રાહક ક્યાં રિવૉર્ડ પોઈન્ટ મેળવી શકે છે તે મર્ચન્ટ અને/અથવા ઉત્પાદનો પસંદ કરવાનો અંતિમ અધિકાર બેંક પાસે રહેશે. ગ્રાહક સમજે છે અને સ્વીકારે છે કે એટીએમ/ડેબિટ કાર્ડનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દુરુપયોગ થયો છે અથવા ખોટી રીતે ઉપયોગ થયો છે અથવા રિવૉર્ડ પોઈન્ટ્સ મેળવવા માટે કોઈપણ છટકબારી કે ખૂટતી કડીનો લાભ લેવામાં આવ્યો હોય તો, મેળવેલ રિવૉર્ડ પોઈન્ટ્સ/રિવૉર્ડ યોજનાઓ રદ કરવાનો અથવા મળેલ રિવૉર્ડ પોઈન્ટ્સને ફ્રીઝ કરવાનો કે સુધારવાનો અને તેમને કોઈપણ રીતની કે પ્રકારની જવાબદારી વગર અમાન્ય કે ફોક કરવાનો સંપૂર્ણ અધિકાર અને મુનસફી બેંક ધરાવે છે અને આ સંદર્ભમાં બેંક અંતિમ નિર્ણય ધરાવશે. આવા દુરુપયોગ/ખોટો ઉપયોગ/અયોગ્ય ઉપયોગ/છેતરામણો ઉપયોગ/દુર્ભાવનાયુક્ત ઉપયોગ બેંકને એટીએમ/ડેબિટ કાર્ડના ઉપયોગ કે કાર્યને કાયમી રીતે રદ કરવાનો અથવા બ્લોક કરવાનો અથવા રદ કરવાનો અધિકાર આપે છે. આ ઉપરાંત ગ્રાહક સમજે છે અને સ્વીકારે છે કે ગ્રાહકના ખાતાને પ્રત્યક્ષ રૂપે ડેબિટ કરીને આવા રિવૉર્ડ પોઈન્ટ્સના રીડેમ્પ્શન/ઉપયોગ દ્વારા કમાવેલ/ઉપયોગમાં લીધેલ રકમને રીકવર કરવાનો બેંક અધિકાર ધરાવે છે.

8. **પ્રોસેસિંગ અને રૂપાંતરણ ફી અથવા ચાર્જ**

એ. બેંક કોઈપણ સમયે, તેની સંપૂર્ણ મુનસફી અનુસાર, કોઈપણ પૂર્વસૂચના વગર એટીએમ/ડેબિટ કાર્ડના આંતરરાષ્ટ્રીય ઉપયોગને બંધ કરી શકે છે. ધારક(ધારકો) સમયે સમયે લાગૂપાત્ર કરવામાં આવેલ આરબીઆઈની આવી સુધારેલ યોજના અંતર્ગત અથવા એફઈએમએ, 1999ની જોગવાઈઓ અંતર્ગત વિદેશમાં ફક્ત અંગત મુલાકાત માટે જ વિદેશ ચલણના ઉપાડ અને લેવડદેવડ માટે એટીએમ/ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી શકશે, અને અન્ય કોઈ કારણો માટે કરી શકશે નહીં અને તેઓ આ સાથે મંજૂર અને પુષ્ટિ કરે છે કે ભારત બહારનો ઉપયોગ જ્યાં લેવડદેવડ થઈ રહી છે તે દેશ તેમજ ભારત એમ બંને દેશોમાં સમયે સમયે લાગૂપાત્ર નિયમનકારી અને કાનૂની નિયંત્રણો અને એક્સચેન્જ કંટ્રોલ કાયદાઓ અને મર્યાદાઓને આધીન રહેશે. ગ્રાહક સમજે છે અને સ્વીકારે છે કે ખાતા પર, સુવિધાઓ પર અને એટીએમ/ડેબિટ કાર્ડ પર લાદવામાં આવેલ કોઈપણ અને તમામ અન્ય મર્યાદાઓ અને/અથવા નિયંત્રણો વિદેશી ચલણના ઉપાડ અને વિદેશમાં અંગત મુલાકાત પરત્વેની લેવડદેવડ પર લાદવામાં આવેલ મર્યાદાઓના અનાદરમાં નહીં પરંતુ તે ઉપરાંત લાગૂ પડશે.

બી. કાર્ડનો ઉપયોગ ચુસ્તપણે રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા(આરબીઆઈ) દ્વારા સમયે સમયે ફાળવવામાં આવતા એક્સચેન્જ કંટ્રોલ નિયમો સાથે સુસંગત રહેશે. કાર્ડધારક દ્વારા તેનું પાલન ન કરવાના કિસ્સામાં, કાર્ડધારક એફઈએમએ, 1999

અંતર્ગત અને વિદેશી વિનિમયના સંબંધમાં સમયે સમયે અમલમાં રહેતા અન્ય કોઈપણ કાયદા અને/અથવા નિયમ અંતર્ગત પગલાંને પાત્ર ગણાશે. કાર્ડધારકને બેંકના અથવા આરબીઆઈના આગ્રહ પર આંતરરાષ્ટ્રીય રીતે માન્ય ડેબિટ કાર્ડ રાખવા સામે અટકાવવામાં આવી શકે છે. કાર્ડ ભારતમાં તેમજ ભારત બહાર ઉપયોગ માટે માન્ય છે પરંતુ "નેપાલ અને ભૂતાનમાં વિદેશી ચલણના વિનિમયમાં ચૂકવણી માટે અમાન્ય" એવા લખાણ સાથે આવશે. એક્સચેન્જ કંટ્રોલ નિયમોના અપાલનના સંબંધમાં કે અન્ય કોઈ કારણોસર કાર્ડ કેન્સલ થાય તે સ્થિતિમાં, ભારતમાં કે બહાર, કાર્ડ નામંજૂરીમાં પરિણમે તેવા કાર્ડનો કોઈપણ ઉપયોગના પ્રયત્ન માટે બેંક જવાબદાર ગણાશે નહીં.

સી. પ્રવર્તમાન માર્ગદર્શિકાઓ અંતર્ગત વિનિમયની મુક્તિ માન્ય ન હોય તેવા વાસ્તવિક ઉપાડ માટે કાર્ડ ઉપયોગમાં લઈ શકાશે નહીં.

ડી. આરબીઆઈ અને લાગૂપાત્ર કાયદાઓન એક્સચેન્જ કંટ્રોલ નિયમોના અપાલનના પરિણામે કોઈપણ અને તમામ પરિણામો માટે ધારક(ધારકો) અને ગ્રાહક ભરપાઈ/પ્રતિપૂર્તિ કરશે અને બેંકને નિર્દોષ ગણશે. બિન-નિવાસી ભારતીયો ભારતમાં એટીએમ/ડેબિટ કાર્ડના આંતરરાષ્ટ્રીય ઉપયોગ માટે માન્ય રહેશે.

ઈ. ધારક(ધારકો) અને ગ્રાહક જાણે છે કે વિદેશી ચલણના ઉપાડથી સર્વિસ ફી લાગશે. આવી સર્વિસ ફી બેંકની સંપૂર્ણ મુનસફી અનુસાર પુનરાવલોકનને પાત્ર રહેશે.

ક્યૂ. ખાતું ખોલાવતી વખતે અને ડેબિટ કાર્ડ માટે અરજી કરતી વખતે ગ્રાહકને સૂચિત કરવામાં આવે છે કે; ડેબિટ કાર્ડના ઑપરેશન સંબંધિત કોઈપણ પ્રવૃત્તિ(જેમ કે લેવડદેવડ પ્રોસેસિંગ, ડેબિટ કાર્ડ જનરેશન, ઈન્વેન્ટરી પ્રબંધન, અને અન્ય ડેબિટ કાર્ડ સંબંધિત સેવા, બેઝિસ સર્વિસ કરાર) બેંકની સંપૂર્ણ મુનસફી અનુસાર અને લાગૂપાત્ર નિયમનકારી માર્ગદર્શિકાઓને સુસંગત રીતે,ભારત કે વિદેશ સ્થિત આઈડીએફસી દ્વારા નિયુક્ત કરેલ સર્વિસ પ્રોવાઈડર(પ્રોવાઈડરો)ને અથવા આઈડીએફસી ફર્સ્ટ બેંક જૂથના એકમને, ફાળવવાનો બેંક પાસે અબાધિત અધિકાર છે. હું આઈડીએફસી ફર્સ્ટ બેંકને અરજીના પ્રોસેસિંગ, કાર્ડ ઉત્પાદન અને એમ્બોસિંગ, લેવડદેવડ અને ચૂકવણી પ્રોસેસિંગ, રિવોર્ડ પ્રબંધન સેવાઓ, સ્ટેટમેન્ટ સેવાઓ, કાર્ડની ખાસિયતો/લાભના ઉપયોગ, સેલ્સ/માર્કેટિંગ અને ડેબિટ કાર્ડ સંબંધિત ગ્રાહક સેવા જેવી પ્રવૃત્તિ માટે અને સરળ અને અંતરાયરહિત પ્રોસેસિંગ અને સેવા માટે તેના સર્વિસ પ્રોવાઈડર્સ સાથે મારા કાર્ડ/એડ ઓન કાર્ડ સભ્યની અને અમારા ખાતા/અરજીની વિગતો આપવાની/વહેંચવાની મંજૂરી આપું છું. આવા સર્વિસ પ્રોવાઈડર્સની વર્તમાન યાદી આપના સંદર્ભ માટે અહીં આપવામાં આવી છે

3. ડેબિટ કાર્ડ

સેવા	પરિસ્થિતિ	પગલું	ટીએટી

કાર્ડ સક્રિય કરાવવું	ખાતું ખોલાવતી વખતે અથવા પુનઃફાળવણી વખતે નવા ડેબિટ કાર્ડની પ્રાપ્તિ બાદ કાર્ડધારક દ્વારા કરવાપાત્ર.	કાર્ડધારકે મોબાઈલ બેંકિંગ અથવા નેટબેંકિંગની મુલાકાત લેવાની રહેશે અથવા પિન સેટ કરવા માટે આઈવીઆરને કૉલ કરવાનો રહેશે. એકવાર પિન સેટ થયા બાદ કાર્ડ સક્રિય થાય છે	તત્કાળ
લેવડદેવડ ફ્લેગ શક્ય બનાવવા અને પસંદગીની મર્યાદા સેટ કરવી	આંતરરાષ્ટ્રીય એટીએમ, આંતરરાષ્ટ્રીય પીઓએસ, ઓનલાઈન અને સંપર્કરહિત લેવડદેવડ કરવા માટે કાર્ડધારક દ્વારા કરવા પાત્ર	○ આ કાર્ય કરવા માટે કાર્ડધારકે મોબાઈલ બેંકિંગ કે નેટબેંકિંગનુ મુલાકાત લેવી જરૂરી છે. ○ કાર્ડધારક ફ્લેગને શક્ય બનાવવા માટે અને મર્યાદા સેટ કરવા માટે શાખાની મુલાકાત પણ લઈ શકે છે.	તત્કાળ અથવા એસટીપી અનુસાર
કાર્ડને કામચલાઉ રીતે બ્લોક કરવું	બિનવપરાશ અથવા કાર્ડ શોધવામાં અસમર્થતાને કારણે ગ્રાહક ડેબિટ કાર્ડ લેવડદેવડ કામચલાઉ ધોરણે બંધ કરવા ઈચ્છે તે સ્થિતિમાં કરવાપાત્ર	○ કામચલાઉ ધોરણે બ્લોક કરવા માટે કાર્ડધારકે મોબાઈલ બેંકિંગ અથવા નેટબેંકિંગની મુલાકાત લેવાની રહેશે. ○ કાર્ડધારક કામચલાઉ રીતે કાર્ડ બ્લોક કરવા માટે શાખાની મુલાકાત પણ લઈ શકે છે ○ ડેબિટ કાર્ડ કામચલાઉ રીતે બ્લોક કરવા માટે કાર્ડધારક કોલ પર રહેલ બેંકરને પણ કોલ કરી શકે છે ○ કાર્ડધારક કામચલાઉ ધોરણે કાર્ડ બ્લોક કરવા માટે એસએમએસ સેવાનો ઉપયોગ પણ કરી શકે છે	તત્કાળ અથવા એસટીપી અનુસાર
કાયમી બ્લોક	કાર્ડ ગુમ થવાનું કે નુકસાનનું કારણ જણાવીને ગ્રાહક કાયમી	○ કાયમી ધોરણે બ્લોક કરવા માટે કાર્ડધારક મોબાઈલ બેંકિંગ અથવા નેટબેંકિંગની	તત્કાળ અથવા એસટીપી અનુસાર

	ધોરણે કાર્ડ બ્લોક કરવા ઈચ્છે તે કિસ્સામાં કરવાપાત્ર	મુલાકાત લઈ શકે છે. ○ કાર્ડધારક કાયમી ધોરણ ડેબિટ કાર્ડ બ્લોક કરવા માટે શાખાનો સંપર્ક પણ કરી શકે છે ○ કાયમી ધોરણે ડેબિટ કાર્ડ બ્લોક કરવા માટે કાર્ડધારક કોલ પર રહેલ બેંકરને પણ કોલ કરી શકે છે.	
કાયમી બ્લોક અને પુનઃફાળવણી	કાર્ડ ગુમ થવાનું કે નુકસાન થયાનું કારણ આપીને ગ્રાહક કાયમી રીતે કાર્ડ બ્લોક કરવા અને કાર્ડ પુનઃફાળવવા ઈચ્છે તે સ્થિતિમાં કરવાપાત્ર	○ પુનઃફાળવણી સાથે કાયમી બ્લોક કરવા માટે કાર્ડધારકે મોબાઈલ બેંકિંગ અથવા નેટબેંકિંગની મુલાકાત લેવાની રહેશે અને કાર્ડ ફાળવણી ટીએટી અનુસાર નવું કાર્ડ મોકલવામાં આવશે. ○ ડેબિટ કાર્ડ કાયમી રીતે બ્લોક કરવા માટે અને કાર્ડની પુનઃફાળવણી માટે કાર્ડ ધારક શાખાનો સંપર્ક પણ કરી શકે છે ○ ડેબિટ કાર્ડ કાયમી ધોરણે બ્લોક કરવા માટે કાર્ડધારક કોલ પર રહેલ બેંકરને પણ કોલ કરી શકે છે	તત્કાળ અથવા એસટીપી અનુસાર
લેવડદેવડ સંબંધી વિખવાદ	ખાતામાંથી ખોટી રીતે અથવા ખોટું ડેબિટ થયું હોય તે કિસ્સામાં લેવડદેવડ સંબંધી વિવાદ નોંધાવવો	○ કાર્ડધારક કોલ પણ રહેલ બેંકરને કોલ કરી શકે છે અથવા વિખવાદ નોંધાવવા માટે શાખાનો સંપર્ક કરી શકે છે	તત્કાળ અથવા એસટીપી અનુસાર

ડેબિટ કાર્ડ વિખવાદનું નિરાકરણ

આરબીઆઈ દ્વારા વ્યાખ્યાયિત ટીએટી અનુસાર બેંક દ્વારા તમામ વિખવાદનું નિરાકરણ લાવવામાં આવશે.

- એટીએમ/પીઓએસ/ઈકોમના ઉપયોગ થયેલ નિષ્ફળ લેવડદેવડના સંબંધમાં બેંકના માધ્યમોનો એટલે કે બેંકર ઓન કોલ(બીઓસી) અથવા શાખાનો સંપર્ક કરીને ગ્રાહક વિખવાદ વિશે નોંધ કરાવી શકે છે
- ડેબિટ કાર્ડ સંબંધિત નિષ્ફળ લેવડદેવડ, ક્લેઈમ ન થયેલ ફંડ માટેના વિખવાદ માટે નીચે આપેલ ટીએટી અનુસાર સમાધાન મેળવવાનું અપેક્ષિત છે.

	એટીએમ	**પીઓએસ**	**ઈકોમ/ઓનલાઈન**
સ્થાનિય	ટી+5	ટી+5	ટી+5
આંતરરાષ્ટ્રીય	ટી+10	ટી+10	ટી+10